શામળાજી પંથકમાં ભારે પવન સાથે વરસાદી વાવાઝોડું

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના વાતાવરણમાં સાંજના સુમારે એકાએક પલટો આવી આકાશે વાદળો ઘેરાતા અને ધીમી ગતિના પવન ફૂંકાવાની સાથે હિંમતનગર પંથકમાં વરસાદી ઝાપટું પડ્યું હતું અરવલ્લીના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ભારે પવન ફૂંકાવાની સાથે ભારે પવન સાથે ધોધમાર વરસાદ સાથે વાવાઝોડું ત્રાટકતા ભારે અફડાતફડી મચી હતી બંને જીલ્લામાં વરસાદી છાંટા સાથે ધીમી ગતિના પવનો થી વાતાવરણમાં ઠંડક પ્રસરતા ગરમીથી આંશિક રાહત અનુભવાઈ હતી.

અરવલ્લી જીલ્લાના ભિલોડા, શામળાજી, મેઘરજ, માલપુર પંથકમાં ભારે પવન ફૂંકાતા મીની વાવાઝોડા જેવા દ્રશ્યો સર્જાયા હતા શામળાજીમાં આજે સાંજના સમયે હવામાનમાં આકાશે એકાએક પલટો આવતા કાળા ડિબાંગ વાદળો ગોરંભાઈ ગયાં હતાં અને વરસાદી માવઠું થયું હતું. ભારે ઉકળાટ અને ગરમી પછી આજરોજ બપોર બાદ વાતાવરણમાં આવ્યો પલટો આવ્યો હતો.અને કાળા ડિબાંગ વાદળો ઘેરાયા બાદ વરસાદી ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.અલબત્ત, એકાએક થયેલા હવામાન પલટા સાથે ઝાપટું પડતા ખેડૂતોમાં ચિંતાના વાદળો ઘેરાઈ ગયા હતા. આ માવઠાને લીધે આ વિસ્તારમાં ભારે ગરમી વચ્ચે લોકોએ ઠંડકનો અનુભવ કર્યો હતો.

શામળાજીમાં વાવાઝોડા સાથે વરસાદથી નુકસાન, શામળાજી ચાર રસ્તા પાસે ભારે પવનથી પતરાનો શેડ ધરાશાઈ થયો હતી. શેડ પડતા દિવાલ ધરાશાઈ થતા એક વ્યક્તિ દબાયો હતો.સ્થાનિકો દ્વારા દબાયેલી વ્યક્તિને બહાર કાઢી સારવાર માટે મોકલાયો હતો. શેડ નીચે રહેલી બાઈકોને પણ નુકસાન થયું હતું.

કુદરતે કરવટ બદલી : વૈશાખ માસ દરમિયાન અષાઢી માહોલ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં વહેલી સવારથી જ વાતાવરણમાં નાટયાત્મક રીતે એકાએક પલ્ટો આવ્યા બાદ સમી સાંજે ભારે પવન ફુંકાયા બાદ ભારે વરસાદનું ઝાપટું વરસતા અસહ્ય કાળઝાળ ગરમી વચ્ચે આંશિક ઠંડક પ્રસરતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો. કમોસમી વરસાદના પગલે ભીની માટી મહેક પ્રસરી હતી.

સિધ્ધપુરમાં ઓઈલ ચોરી કરતા ૭ ઈસમો ઝબ્બે

સિધ્ધપુરમાં આવતા જતા ઓઈલ ચોરીના બનાવને રોકવા માટે પોલીસ હરકતમાં આવી છે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ ચોકસ બાતમીના આધારે સિધ્ધપુર નજીક ટેન્કરોમાંથી ડીઝલ ચોરીનું કૌભાંડ ઝડપી લઈને ૭ આરોપીઓ સાથે સરેરાશ રૂ ૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ગાંધીનગર સીઆઈડી ક્રાઈમને સિધ્ધપુર હાઈવે ઉપર અમરદિપ હોટલ નજીક થી ડીઝલ ચોરીનું કૌભાંડ સાથે લાગ્યું છે ગુરૂવારે મોડી રાત્રે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ ની ટીમ દ્વારા સાત જેટલા ઈસમો ને ઝડપી લઈને તપાસ હાથ ધરી છે જેમાં પોલીસ દ્વારા ઘટના સ્થળે થી ૪ ટેન્કર ૧ જીપ તેમજ ડીઝલ સહિત સરેરાશ ૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સિધ્ધપુર હાઈવે વિસ્તાર માંથી અવાર નવાર ડીઝલ ચોરીના બનાવો બનતા રહ્યા છે ત્યારે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ દ્વારા કાર્યવાહી કરાય તેવી માંગ લોકોમાંથી ઉઠી છે.

ધાનેરા વિસ્તારના લગ્ન પ્રસંગમાં કમોસમી વરસાદ અને ભારે પવન વિઘ્ન બન્યો

મંડપ ભારે પવનથી ઉડી ગયા : લાખની વિસ્તારમાં વરસાદ અને ભારે પવનથી પતરા ઉડ્યા : અબોલ પશુઓ ઘાયલ

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા વિસ્તારમાં લોકોના લગ્ન

પ્રસંગ માં વરસાદ અને વાવાઝોડું વિઘ્ન ન બન્યો હતો લગ્ન પ્રસંગે બાંધેલા મંડપ ધરાશાયી થયા હતા તો બીજી તરફ વિજ થાંભલા અને જાહેર રસ્તા પર વૃક્ષો પણ ધરાશાયી થયા હતા.

લગ્નની સિઝન પૂરજોશમાં ચાલી રહી છે લોકો ખૂબ જ ઉત્સાહ સાથે તેમના લાડકવાયા અને લાડકવાયી દીકરીના લગ્ન પ્રસંગ આવી રહ્યા છે ત્યારે આજે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વીજળીના કડાકા સાથે ભારે પવન અને વરસાદ તૂટી પડયો હતો ભારે પવનને લઈ ધાનેરા વિસ્તારના કેટલાક ઘરે લગ્ન પ્રસંગે બાંધેલા મંડપ ઉડી જવા પામ્યા હતા.

ગ્રુપમાં સદનસીબે કોઈ જાનહાનિ તો થઈ નથી પરંતુ મોટું નુકસાન થયું છે તો બીજી તરફ જાહેર રસ્તા પર વૃક્ષો પણ ધરાશાયી થતા કેટલીક જગ્યા પર થોડા સમય માટે વાહન વ્યવહાર પણ અટવાયો હતો અને વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાયું હતું ત્યારે વીજળી પડવાના અને વીજ કરંટ લાગવાના બનાવો પણ સામે આવ્યા છે ભારે પવન અને વરસાદ આવતાં સમગ્ર ધાનેરા શહેરમાં વીજળી પણ ગૂલ થઈ હતી અને સમગ્ર શહેરમાં અંધારપટ છવાઈ જવા પામ્યો હતો

અને લોકોએ ભારે મુશ્કેલી સાથે વાર રાત વિતાવી હતી.

ધાનેરા સિવાય અન્ય અન્ય વિસ્તારોમાં પણ વરસાદ અને ભારે પવન અને કહેર મચાવ્યો હતો જો વાત કરવામાં આવે લાખણી તાલુકાની લાખણી તાલુકામાં પણ ભારે ભારે પવન અને વરસાદને લઈ લોકો મુશ્કેલીમાં મુકાયા હતા ભારે પવનથી કોઈના ઘરના પતરા ઉડ્યા તો કોઈ પશુ બાંધવાના શેડ ના પતરા ઉડ્યા આ પત્ર પશુઓ પર પડતા પશુઓને પણ ગંભીર ઈજા થવા પામી છે અને ખેડૂતોને મોટું નુકસાન વેઠવાનો વારો આવે છે ત્યારે ખેડૂતો હવે આશા રાખી રહ્યા છે કે સરકાર આ બાબતે તેમને સહાય આપી મદદરૂપ બને.

પ્રાંતિજના કાટવાડ પાસે ડમ્પરચાલકે બાઈકને હડફેટે લેતા પિતા-પુત્રીનું કમકમાટીભર્યું મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કાટવાડ પાટિયા પાસે બાઈક અને ડમ્પર વચ્ચે અકસ્માત અકસ્માતમાં બાઈક ઉપર જઈ રહેલ પિતા પુત્રીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત તથા મહિલાને ઈજાઓ પહોંચ્યા ૧૦૮ મારફતે પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના અંબાવાડા ગામના કાળુસિંહ વિરસિંહ ઝાલા કે જેવો પોતાની પત્ની અને ૨ વર્ષ ની દિકરી પ્રેરણા સાથે પોતાના બાઈક - જીજે.૦૯સીવી.૪૩૬૬ ઉપર પ્રાંતિજના જેસંગપુરા ખાતે લગ્નમા આવી રહ્યા હતા તે દરમિયાન પ્રાંતિજના કાટવાડ પાસે ફુલફાસ્ટ આવતી ડમ્પર ટ્રક નંબર જીજે.૧૮.એવ.ી.૮૮૩૬નો ચાલકે ફુલફાસ્ટ હંકારી લાવી રોડની સાઈડમાં જઈ રહેલ બાઈકને અડફેટે લેતા બાઈક ઉપર જઈ રહેલ પતિ પત્ની અને બાળકી બાઈક સાથે નીચે પટકાયા હતા. બાઈકચાલક કાળુસિંહ ઉ.વર્ષ-૩૦

અને બે વર્ષની પુત્રી પ્રેરણાને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા પિતા પુત્રીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. મહિલાને ઈજાઓ પહોચતા ૧૦૮ મારફતે પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવી હતી. ટ્રકચાલક ડમ્પર મુકીને અકસ્માત સર્જીને ભાગી ગયો હતો. પ્રાંતિજ પોલીસને અકસ્માત અંગેની જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ ટ્રાફિક હળવો કરી ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અમીરગઢના ઈકબાલગઢ નજીક ડમ્પરની ટક્કરે ડી.જે. લઈ જતાં ત્રણ યુવકોને ઈજા

વાહનચાલકોની સામાન્ય બેદરકારીના કારણે લોકોને પોતાના જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે. શુક્રવારે અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ નજીક લગ્નના ડી. જે.ના જીપડાલા અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. વહેલી સવારે રાજસ્થાન તરફથી આવી રહેલી એક જાનની ડી.જે.ના જીપડાલાને ઈકબાલ ગઢ નજીક ટ્રેલર ચાલકે ટક્કર મારી હતી. જેથી ડી.જે.નો સામાન ભરેલ જીપડાલુ પલટી ખાઈ ગયુ હતુ. અને જીપડાલામાં બેઠેલા ત્રણ વ્યકિતઓને ઈજાઓ થઈ હતી. જેના પગલે આજુ-બાજુથી લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા.

વડગામ તાલુકા પંચાયતના મુખ્ય દરવાજા પાસે

વાહન પાર્ક કરવા નહીનું બોર્ડ તો લાગ્યું પણ પાલન કોણ કરાવશે ?

વડગામ, તા. ૧૭

વડગામ તાલુકા મથકે આવેલ તાલુકા પંચાયતમાં પ્રવેશવાના મુખ્ય દરવાજા આગળ વાહન કોઈએ પાર્ક કરવા નહીનું બોર્ડ તો લગાવાયું પણ

તેનું પાલન કોણ કરાવશે ?

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા મથકે ખાનગી વાહનોના ચાલકો દ્વારા આડેધડ વાહનો પાર્ક કરીને ટ્રાફિકને અડચણરુપ બનતા રહ્યા છે જેના કારણે તાલુકાભરમાંથી વડગામ ખાતે કામકાજ માટે આવતી આમ જનતાને ભારે હાડમારીઓ વેઠવી પડે છે. વડગામમાં આવેલ તાલુકા પંચાયતના મુખ્ય દરવાજા આગળ જ તાલુકા પંચાયતના સત્તાધીશો દ્વારા રોડ ઉપર કોઈએ વાહન પાર્ક કરવા નહી તેવું મોટું બેનર તાલુકા પંચાયતના દરવાજા ઉપર લટકાવાયુ છે. છતાં પણ તાલુકા પંચાયતના મુખ્ય દરવાજા આગળ જ બાઈકો તેમજ કાર પાંકિંગ કરી વાહન ચાલકો અડીંગો જમાવી દેતા તાલુકાભરમાંથી તાલુકા પંચાયતના કામ અર્થે આવતા અરજદારોને તાલુકા પંચાયતમાં અવરજવર માટે ભારે હાલાકીઓ વેઠવી પડી રહી છે. ત્યારે વડગામ પોલીસ તથા તાલુકા પંચાયતના સત્તાધીશો દ્વારા દરવાજા આગળ પાર્ક કરી દેવાતા વાહનોને કાયમી માટે દરવાજા આગળથી હટાવીને કામ અર્થે આવતા તાલુકાભરના અરજદારો ને મદદરૂપ બને તેવું તાલુકાભરની જનતા ઈચ્છી રહી છે.

શામળાજી પોલીસે સફારી જીપમાં વિદેશી દારૂ સાથે અમદાવાદનો બુટલેગર ઝડપાયો

શામળાજી, તા. ૧૭

અરવલ્લી જીલ્લાની અંતરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં નાના-મોટા વાહનો મારફતે વર્ષે-દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવામાં આવે છે. શામળાજી પોલીસે અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતો બુટલેગર રાજસ્થાનમાંથી સફારી જીપમાં ગુપ્ત ખાના બનાવી ઘુસાડાતો રૂ.૨૭૨૦૦ જપ્ત કરી બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી સફારી જીપ (ગાડી.નં-જીજે.૦૬. સીબી.૯૬૭૭)ને અટકાવી તલાસી લેતા સફારી જીપમાં ગુપ્ત ખાનામાં સંતાડી રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ-૩૪ કિં. રૂ. ૨૭ ૨૦૦નો જપ્ત કરી દિવ્યેશકુમાર શશીકાંત ગોઢાણીયા (રહે.૨૦૩, બ્લોક નં.૧૦ ગોકુલધામ સોસાયટી અંડરબ્રિજ, ચાંદલોડિયા, અમદાવાદ)ની ધરપકડ કરી સફારી કારની કિં. રૂ.૨૦૦૦૦૦ તથા મોબાઈલ કિં. રૂ.૧૦૦૦ મળી કુલ રૂ.૨૨૮૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વીછીવાડાથી આગળ ડુંગરપુર રોડ પર આવેલા ઠેકા પરથી વિદેશી દારૂ ભરી આપનાર અજાણ્યા શખ્સ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી દિવ્યેશકુમાર શશીકાંત ગોઢાણીયા (રહે. ૨૦૩ બ્લોક નં.૧૦ ગોકુલધામ સોસાયટી અંડરબ્રિજ, ચાંદલોડિયા, અમદાવાદ) જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિદેશી દારૂ ભરી આપનાર શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

આરપીએલ-૨૦૧૯, મેકર ફેસ્ટ, મેકર યાત્રા અને મેકર લેબ દ્વારા

ડૉ. કલામના વિઝન પ્રમાણે નવસર્જકો અને ઉદ્યોગ સાહસિકો ઘડી રહી છે યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડર

ઈડર, તા. ૧૭

ધ ગુડ હ્યુમન બીઈંગ ફાઉન્ડેશન, ગાંધીનગર-યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ગ્રામ્ય વિસ્તારના સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ માટે ટેકનોલોજી-ઈનોવેશનની વિશિષ્ટ સ્પર્ધા-આરપીએલ-૨૦૧૯ રોબોટીક્સ સીઝન-૧નું આયોજન કરવામાં આવેલ છે. ઈડરની આસાપાસના ૬ ઝોનના ૬૦ જેટલા ગામડાઓની ટીમો આ સ્પર્ધામાં ભાગ લેનાર છે. આ અનોખા આયોજનના સંવર્ધક તરીકે ગુજરાતની ખ્યાતિ પ્રાપ્ત કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર જેવી સંસ્થાઓ છે.

રૂરલ પ્રિમિયર લીગમાં ગામડાની સરકારી સ્કૂલથી માંડીને, દિવ્યાંગ-જેવા તમામ બેક ગ્રાઉન્ડ ધરાવતા સભ્યોની ટીમો ઝોનલ રાઉન્ડ અને ફાઈનલ રાઉન્ડમાં તેમને સંસ્થા દ્વારા અપાયેલ રોબોટીક્સની કીટનો ઉપયોગ કરી એક-બીજા સાથે સ્પર્ધા કરી ચેમ્પિયનશીપ જીતવા પ્રયત્ન કરશે. આ રીતે ઉનાળાના વેકેશનનો સદઉપયોગ ટેકનોલોજી શીખી-૨૧મી સદીના કૌશલ્ય કેળવી વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારમાં એક નવીન હકારાત્મક વાતાવરણ સર્જશે. ઝોનલ અને ફાઈનલ રાઉન્ડના વિજેતાઓને ટેકનોલોજીની રૂ.૫૧,૦૦૦ની એડવાન્સ કીટો જે તે ગામડાના સરપંચશ્રીને તેમના ગામના વિદ્યાર્થીઓના ઉપયોગ માટે એનાયત કરવામાં આવશે. જેની તાલીમ માટે વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે. રૂરલ પ્રિમિયર લીગ-આરપીએલ-૨૦૧૯માં ટેકનોલોજીનો સહકાર એન્ક્યુબ લેબ, ઈન્ડિયા દ્વારા આપવામાં આવી રહેલ છે.

આરપીએલ-૨૦૧૯ લીગને બે રાઉન્ડમાં યોજાશે. ઝોનલ લીગ રાઉન્ડ તા. ૧૭, ૧૮ અને ૧૯ મે ના રોજ યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ખાતે યોજાશે. ફાઈનલ ચેમ્પિયનશીપ રાઉન્ડ ૨૫ તથા ૨૬ મે ના રોજ ઈડર ખાતે યોજાશે.

ધ ગુડ હ્યુમન બીઈંગ ફાઉન્ડેશન, ગાંધીનગરના નેજા હેઠળ યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ અને શ્રી કે.બી. દેસાઈ અર્બુદા સ્કૂલના માધ્યમથી ઈડર અને આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોથી વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વધે, નવસંશોધન તરફ આગળ વધે અને ટેકનોલોજીનો ડર દુર થાય તે માટે અલગ-અલગ પ્રયોગો-પ્રયત્નો કરી રહ્યા છે. જેમાં છેલ્લા એક વર્ષથી મેસેચ્યુસેટ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી, અમેરીકા (એમઆઈટી, યુએસએ) કે જે વિશ્વની પ્રથમ નંબરની ટેકનોલોજી ઈન્સ્ટીટ્યૂટ છે. તેના સ્કોલર અને પ્રોફેસર રાજેશ નાયર (મલેશિયા)ની સાથે વિશિષ્ટ પ્રયોગો-રીસર્ચ થઈ રહેલ છે.

વિદ્યાર્થીઓ મેકર બને તે માટે તેમનામાં મેકર-સ્પીરીટનો વિકાસ થાય તે માટે સંખ્યાબંધ 'ઝીરો ટુ મેકર' વર્કશોપ્સનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડીઝાઈન થીંકીંગ ઉપર વિદ્યાર્થીઓ સાથે નવી પ્રોડક્ટ બનાવવા અંગેની પ્રોસેસ ઉપર કામ કરવામાં આવેલ. ત્યારબાદ ઈડર ખાતે રૂરલ મેકર ફેસ્ટ ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ જાતે બનાવેલ ટેકનોલોજી અને આર્ટની પ્રોડક્ટનો ડિસ્પ્લે અને વર્કશોપનું આયોજન થયેલ. ગ્રામ્ય વિસ્તારના નવાચાર, ઈનોવેશન, પડકારોને સમજવા અને અનુભવવા માટે વિશિષ્ટ પ્રકારની મેકર-યાત્રાનું આયોજન થયું. પાંચ દિવસના આ આયોજનના ઈડરના આસપાસના ૧૫ જેટલા ગામડાઓમાં જઈ-રોકાઈ વિવિધ ઈનોવેટર્સ, કિસાનો વગેરે સાથે મુલાકાત-વિચારોની આપ-લે થઈ. આમ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે ગામડાઓને શહેરની જેમ સક્ષમ બનાવવા માટેના વિચાર પુરાને સાર્થક કરવા માટેના સતત પ્રયત્નો યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલના માધ્યમથી થઈ રહેલ છે. રૂરલ પ્રિમિયર લીગ-આરપીએલ-૨૦૧૯ આ દિશાના સાતત્યપૂર્ણ પ્રયાસોના ભાગરૂપે ઈડરમાં યોજાઈ રહેલ છે.

ઉનાવામાં બસ ન આવતા મુસાફરો પરેશાન

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતેથી પસાર થતી એસ.ટી. નિગમની કેટલીક એસ.ટી. બસો ગામના બસસ્ટેન્ડ પર ન આવીને બાયપાસ રોડ પરથી બારોબાર નીકળી જતી હોઈ મુસાફરો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ઊંઝા તાલુકામાં સૌથી વધુ વસ્તી ધરાવતા ઉનાવા ગામે મીરાંદાતારની સુપ્રસિદ્ધ દરગાહ આવેલ છે. જેથી અત્રે દેશભરમાંથી વિવિધ ધર્મના લોકોની દર્શનાર્થે અવરજવર થતી હોય છે. આ ઉપરાંત સ્થાનિક મુસાફરો, નોકરીયાતો, ધંધાર્થીઓ, વિદ્યાર્થીઓ, મજૂરીયાત વર્ગના માણસોની પણ રોજીંદા એસ.ટી. બસોમાં મુસાફરી થાય છે.

ઉનાવા ખાતેથી પસાર થતી એસ.ટી. નિગમની તમામ બસોને ગામના બસસ્ટેન્ડથી મુસાફરો લેવા તેમજ ઉતારવા માટે મધ્યસ્થ કચેરી દ્વારા આદેશ થયેલ છે. તેમ છતાં કેટલાક ડ્રાયવર, કંડક્ટરો આ આદેશની અવગણના કરીને મનસ્વીપણે બાયપાસ હાઈવેથી બારોબાર નીકળી જાય છે. પરિણામે મુસાફરોને હાલાકી ભોગવવી પડે છે.

પાલનપુર, અમદાવાદ, ભાવનગર, હિંમતનગર એસ.ટી. વિભાગ દ્વારા સંચાલિત ઉનાવાથી પસાર થતી એક્સપ્રેસ બસો ગામના બસસ્ટેન્ડે આવતી નથી અને બાયપાસ હાઈવે પર મુસાફરોને ઉતારીને બારોબાર નીકળી જતી હોય છે. જેથી બસોમાં મુસાફરી કરતા મુસાફરોને વેળા કવેળાએ હાઈવે પર ઉતરીને પગપાળા ગામમાં આવવું પડે છે. આવી સ્થિતિના લીધે મુસાફરો અને ડ્રાયવર કંડક્ટરો વચ્ચે તકરાર અને ઘર્ષણના બનાવો બને છે.